ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 28th May, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................,

ભાવનગર.

### કાલે બપોરે ૧૨:૩૯ થી ૧૨ : ૪૦.૧૬ (૧ મિનિટ ૧૬ સે.) દરમ્યાન પડછાયો ગાયબ
### "Zero Shadow" વિષે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે યોજાશે પ્રાયોગિક રજૂઆત

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા ૧૭ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

અવકાશ વિજ્ઞાનની બનતી ઘટનાઓ પૈકીની ખુબ જ રસપ્રદ અને અગત્યની ઘટના એટલે Zero Shadow એટલે કે અમુક સમય માટે સૂર્ય પ્રકાશમાં પડછાયાનો અભાવ જેવી સ્થિતિ સર્જાય છે. આ ઘટના વર્ષમાં બે વાર જોવા મળે છે, જેનું કારણ પૃથ્વી પોતાની ધરી પર ૨૩.૫$^0$ નમેલી છે. સૂર્યનું દક્ષિણાયન અને ઉતરાયણને કારણે જેના કારણે વિષુવવૃત્તની આસપાસના વિસ્તારમાં બે વાર વિષુવવૃત્ત પરથી પસાર થાય ત્યારે આ ઘટના જોવા મળે છે. જે પૈકીની એક કાલે એટલે કે ૨૯-૦૫-૨૦૧૯ને બુધવારના રોજ ૧૨:૩૯ના રોજ ૧મિનીટ ને ૧૬ સેકંડ સુધી જોઈ શકાશે. આથી ભાવનગરની ખગોળ રસિક જનતા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પ્રેરિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા.૨૯ મે, ૨૦૧૯ને બુધવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર ખાતે Zero Shadow કાર્યક્રમનું આયોજન થનાર છે. આ ઘટનાની વિશેષ માહિતી લોક વિજ્ઞાન કેન્દ્રના કૉઓર્ડીનેટર હર્ષદ ભાઈ જોષી દ્વારા આપવામાં આવશે.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે ચાલી રહેલ વેકેશન વર્કશોપ "ટેકનોલોજી અમારો ~~દુશ્મન~~ – મિત્ર" માં ભાગ લેનાર સ્પર્ધકો સાથે ભાવનગરની ખગોળ રસિક જનતાને આ ઘટનાના નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સંસ્કાર મંડળ, હિલ ડ્રાઇવ, ભાવનગર ખાતે ૧૨ :૩૦ સુધીમાં રૂબરૂ પધારી "Zero Shadow" વિષે પ્રાયોગિક રજૂઆત નિહાળવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

28-05-19
(હર્ષદ જોષી) 5:30pm
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.